સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪

નં જોડાણ/ડ/ ૨૨૪ /૨૦૧૯

તા. ૩-૫-૨૦૧૯

સંદર્ભ:-(૧) ગુજરાત એફિલિયેટેડ કોલેજીસ સર્વિસીઝ ટ્રીબ્યુનલ એકટ ૧૯૮૨ ની કલમ ૮
(૨) ગુજરાત એજુકેશનલ ઇન્સ્ટિટયૂસન્સ સર્વિસીઝ ટ્રીબ્યુનલ એકટ-૨૦૧૩

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, **ગુજરાત એફિલિયેટેડ કોલેજીસ સર્વિસીઝ ટ્રીબ્યુનલ એકટ ૧૯૮૨ ની કલમ ૮** અનુસાર સંલગ્ન કોલેજોના શૈક્ષણિક સ્ટાફ એ રાજીનામુ આપવાનું થતું હોય અથવા ફરજ મુક્ત થવાનું હોય ત્યારે કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ,રાજકોટ સમક્ષ શૈક્ષણિક સ્ટાફ એ રાજીનામા પત્ર માં સહી કરવાની જોગવાઈ અમલમાં હતી. **ગુજરાત એફિલિયેટેડ કોલેજીસ સર્વિસીઝ ટ્રીબ્યુનલ એકટ ૧૯૮૨ ના સ્થાને ગુજરાત એજુકેશનલ ઇન્સ્ટિટયૂસન્સ સર્વિસીઝ ટ્રીબ્યુનલ એકટ-૨૦૧૩ અમલમાં આવતા તે અધિનિયમમાં કુલસચિવશ્રી સમક્ષ રાજીનામુ આપવાની જોગવાઈ ન હોય જેથી હવે જે શૈક્ષણિક સ્ટાફે** રાજીનામુ આપવાનું થતું હોય અથવા ફરજ મુક્ત થવાનું હોય ત્યારે કુલસચિવશ્રી સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે નહી.

આથી વધુમાં જણાવવામાં આવે છે કે, જે શૈક્ષણિક સ્ટાફ સંસ્થામાં થી રાજુનામુ આપે ત્યારે રાજીનામા પત્ર ની નકલ સાથે સંસ્થા દ્વારા કુલસચિવશ્રી, જોડાણ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી -રાજકોટ ને અચૂક જાણ કરવાની રહેશે, જેની સંબંધિત સર્વે એ નોધ લેવી.

કુલસચિવ

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી / માન.ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. સિન્ડીકેટ વિભાગ
૩. એકેડેમિક વિભાગ
૪. પી.જી.વિભાગ
૫. પરીક્ષા વિભાગ(છ નકલ)
૬. સામાન્ય વિભાગ
૭. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)

J pariptr 19 1